### પૂ. શ્રી દયાગિરિબાપુ સંસ્થાપિત

# શ્રી ભોલેનાથ સેવા સંસ્થાન






## શ્રી કૈલાસ આશ્રમની માહિતિ

**શિવાલય**

સંસ્થા દ્વારા એક ભવ્ય શિવાલય શ્રી સર્વેશ્વર મહાદેવનું બની ગયું છે. જેની પ્રાણપ્રતિષ્ઠા ઈ.સ. ૨૦૦૦ના વર્ષમાં ધામધૂમથી કરવામાં આવી છે. જેમાં જુદા-જુદા ૧૬ દેવી-દેવતાઓનું સથાપન કરવામાં આવ્યું છે. જેમાં સવાર-સાંજ પૂજા-અર્ચના થાય છે. તહેવારો ઉજવવામાં આવે છે. શ્રધ્ધાળુઓ લાભ લઈ રહ્યા છે.

**સ્વ. જેરામગિરિબાપુ આંખની હોસ્પિટલ :**

સંસ્થા દ્વારા અતિથિગૃહમાં અંદાજે ૩૦૦૦ ચો. ફુટના બાંધકામમાં સ્વ. જેરામગિરિબાપુ જનરલ તથા આંખની હોસ્પિટલ ચાલુ છે. જેમાં આંખના તમામ પ્રકારના દર્દના ઓપરેશન થાય છે. લગભગ એક કરોડ રૂપિયા વપરાયા છે. હવે પછી હોસ્પિટલનું બિલ્ડીંગ બનાવવાનો પ્લાન છે. તેમાં તમામ વિભાગોની સુવિધા ઉભી કરવાનો શુભ સંકલ્પ છે. અંદાજે પાંચ કરોડ રૂપિયાનું ખર્ચનું આયોજન છે. પૂ. શ્રી દયાગિરિબાપુના પિતાશ્રી સ્વ. જેરામગિરિબાપુ સતત ૫૦ વર્ષ સુધી અંધ રહ્યા હતા. જામરવાના દર્દથી આંખ જતી રહી હતી અને પિતાશ્રીએ આખી જીંદગી અંધ રહી અંધાપો સહન કર્યો હતો તેથી બીજા મનુષ્યોને આવી તકલીફ પડે નહીં તેના માટે મહારાજશ્રીનો સંકલ્પ છે કે આંખના દર્દી માટે દર્દી નારાયણની સેવા કરવી. તેથી સ્વ. જેરામગિરિબાપુ આંખની હોસ્પિટલ ચાલુ છે અને હવે હોસ્પિટલનું બિલ્ડીંગ પણ બનાવવાનું છે.

**શૈક્ષણિક વિભાગ :**

શ્રી કૈલાસ આશ્રમની આજુબાજુ બાલમંદિર કે પ્રાથમિક શાળા નથી તેથી ક્રમશઃ બાલમંદિરથી કોલેજ સુધી શૈક્ષણિક વિભાગ ચાલુ કરવો.

**સામાજીક પ્રવૃતિઓ :**

શ્રી કૈલાસ આશ્રમમાં વૃદ્ધાશ્રમ, યોગાશ્રમ, પુસ્તકાલય, અતિથિગૃહ, ભોજનાલય, અન્નક્ષેત્ર, ગૌશાળા જેવી વિવિધ પ્રવૃતિઓ માટેનું આયોજન ચાલી રહ્યું છે જેમાં નીચે પ્રમાણે અનુદાનની યોજના છે.

રૂા. ૫૦૦૧/- આપનારના નામ બોર્ડ પર લખવામાં આવશે.

રૂા. ૫૧૦૦૧/- આપનારાની તકતી મૂકવામાં આવશે.

રૂા. ૧૦૦૦૦૧/- આપનાર દાતા ઈચ્છે તેનો ફોટો તથા તક્તિ મૂકવામાં આવશે.

જે તે વિભાગના અંદાજીત ખર્ચ આપનારનું નામ દાતા ઈચ્છે તો નામ જોડી દેવામાં આવશે.

આ યોજના અને સંપૂર્ણ માહિતી માટે આશ્રમનો સંપર્ક સાધવો. ચેક, ડ્રાફ કે રોકડા ''શ્રી ભોલેનાથ સેવા સંસ્થાન'' નામથી મોકલવા. **(ઈન્કમટેક્સ ફ્રી સર્ટિ. ૮૦-જી. મળેલ છે તો દાતા લાભ લઈ શકે છે.)**

**શ્રી શિવાલયમાં તિથિ યોજના :**

રૂા. ૧૧૧૧૧/- આપનારની તિથિના દિવસે શ્રી સર્વેશ્વર મહાદેવના શિવલિંગ પર રૂદ્રાભિષેક થશે, તે દિવસ રાજભોગ થાળ ધરાશે તેમાંથી આશ્રમમાં આવનારને ભોજન આપવામાં આવશે. આ .પરાંત સંસ્થા દ્વારા પ્રગટ થતું દ્વિમાસિક ''શિવદર્શન'' આજીવન મોકલવામાં આવશે. આ રકમ બેંકમાં સંસ્થાના નામે ફીક્સ થશે. ફક્ત તેના વ્યાજનો ઉપયોગ કરવામાં આવેશ.

**હોસ્પિટલમાં તિથિ યોજના :**

રૂા. ૨૫૦૦૧/- આપનારની તિથિ જન્મદિવસ, મૃત્યુ દિવસ કે કોઈ પણ તિથિ આપનાર તિથિના દિવસે. એક વ્યકિતનું ફ્રીમાં ઓપરેશન કરવામાં આવશે. દાતા ઈચ્છે છે તો તે વ્યકિતને પણ મોકલી આપવા શકશે. આ ઉપરાંત સંસ્થા દ્વારા પ્રગટ થતુ દ્વિમાસિક ''શિવદર્શન'' આજીવન મોકલવામાં આવશે. આ રકમ બેંકમાં સંસ્થાના નામે ફીક્સ થશે અને ફક્ત વ્યાજનો ઉપયોગ કરવામાં આવશે.

આ ઉપરાંત શિવલિંગ પર બીલીપત્ર ચઢાવવા, રુદ્રાભિષેક કરાવવો કે નાનામોટા યજ્ઞો કે કથા કિર્તન કરાવી શકાય છે અને યેન કેન રીતે આશ્રમમાં સેવા કરી શકાય છે.




પુછપરછ તેમજ માહિતી માટે સંપર્ક

**પૂ. શ્રી દયાગિરિબાપુ**

**કૈલાસ આશ્રમ, સીદસર રોડ, શિવનારાયણ સોસાયટી,**

**તળાજા જકાતનાકાથી આગળ, ભાવનગર**

**ફોન : (૦૨૭૮) ૨૫૬૧૦૧૭, મોબાઈલ નં. ૯૪૨૬૨ ૫૩૧૦૬**

**વેબસાઈટ : www/http/shivpuran.com**

**ઈ મેઈલ : Info@ shivpuram.com**